**DATE: 20/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### શહેરમાં આડેધડ રીતે વાહન પાર્કિંગના કારણે ટ્રાફિકની સમસ્યા વિકટ બની

# ભરૂચમાં ટ્રાફિકને નડતરરૂપ વાહનો ટ્રાફિક પોલીસની ટીમે ડિટેઈન કર્યાં

### મુખ્ય માર્ગોની સાથે આંતરીક માર્ગો પર પણ ટોઈંગની કામગીરીની જરૂરીયાત

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરમાં મુખ્ય માર્ગો પર વાહન ચાલકો દ્વારા આડેધડ પાર્કિંગ કરવાને કારણે ટ્રાફિકની સમસ્યાઓ સર્જાતી હોય છે. જેના પગલે ટ્રાફિક પોલીસ દ્વારા માર્ગ પર અડચણ રૂપ વાહનો ડિટેઈન કરવાની કવાયત હાથ ધરાઈ છે. જેના ભાગરૂપે રોજ ટ્રાફિક પોલીસ દ્વારા 25-30થી વધુ વાહનો ટોઈંગ કરવામાં આવી રહ્યાં છે. જોકે, બીજી તરફ શહેરમાં પાર્કિંગની વ્યવસ્થા જ સુચારૂ ન હોવાનો રોષ વાહન ચાલકો વ્યક્ત કરી રહ્યાં છે. ભરૂચ શહેરના કસક સર્કલ, શિતલ સર્કલ રોડ, સ્ટેશન રોડ સહિતના વિસ્તારમાં ટ્રાફિક પોલીસ દ્વારા વાહનો ટોઈંગ કરવાની ઝુંબેશ હાથ ધરી છે. શહેરના મુખ્ય રસ્તાઓ પર આડેધડ પાર્કિંગના કારણે ટ્રાફિકની સમસ્યાઓ સર્જાતી હોય છે. જેના કારણે ટ્રાફિક પોલીસ દ્વારા માર્ગો પર સુચારૂ વાહન વ્યવહાર થાય તે માટે કાર્યવાહી હાથ ધરી છે. જેના ભાગરૂપે ભરૂચના કસક સર્કલ, શિતલ રોડ, સ્ટેશન રોડ, સેવાશ્રમ રોડ સહિતના મુખ્ય માર્ગો પર ચેકિંગ કરવા સાથે ટ્રાફિકને નડતર રૂપ ક્રિયકિય વાહનો ટોઈંગ કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેના પગલે લગભગ રોજ 25થી 30થી વધુ વાહનોને ટોઈંગ કરી દંડ ફટકારવામાં આવી રહ્યાં છે.



વાહનોને ટો કરીને લઈ જઈ રહેલા કર્મચારીઓ. • ભાસ્કર

**DATE: 20/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ભાડાની દુકાન રાખી મેડિકલ પ્રેક્ટિસ કરતો હતો

# વાગરાના કલમ ગામેથી SOGએ બોગસ તબીબને ઝડપી પાડ્યો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાગરા તાલુકામાં આવેલાં કલમ ગામે એસઓજીની ટીમે દરોડો પાડ્યો હતો. ટીમે એક ભાડાની દુકાનમાં ડિગ્રી વિના મેડિકલ પ્રેક્ટીસ કરનાર બોગસ તબીબને ઝડપી પાડ્યો હતો.

વાગરા તાલુકામાં આવેલાં કલમ ગામે એક શખ્સ બોગસ તબીબ લોકોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યો હોવાની ચોક્કસ બાતમી ભરુચ એસઓજી ટીમને મળી હતી. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. ટીમે કલમ ગામે શિવ મંદિર પાસે ભાડાની દુકાનમાં ડિગ્રી વિના ખાનગી દવાખાનું ખોલી મેડિકલ પ્રેક્ટિસ કરનાર અભિજીત રાજકુમાર વિશ્વાસ (મુળ રહે. નદીયા, વેસ્ટ બંગાળ)ની ધરપકડ કરી હતી. ટીમે તેની પાસે ગુજરાત મેડિકલ કાઉન્સિલમાં નોંધણી કરાવી હોય તેવું માન્યતા પ્રાપ્ત મેડિકલ પ્રેક્ટિસ અંગેનું સર્ટી માંગતાં તેની પાસેથી કોઈ જ પ્રકારના દસ્તાવેજ ન મળતાં ટીમે તેની ધરપકડ કરી તેના વિરૂદ્ધમાં વાગરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

**DATE: 20/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ઝઘડિયાના ઉટીયા ગામના ઈસમની અટકાયત

# અંકલેશ્વરમાં કારમાંથી દેશી દારૂનો જથ્થો ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ઝઘડીયા ના ઉટીયા ગામ નો ઈસમ 180 લીટર દેશી દારૂ લઈ અંકલેશ્વર આવતા ઝડપાઈ ગયો હતો. જીઆઈડીસી પોલીસ એ 3600 રૂપિયા નો દારૂ અને ઈકો કાર મળી 2 લાખ ઉપરાંતનો મુદ્દા મળત જપ્ત કર્યો હતો.

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથક ની ટીમ અંકલેશ્વર રાજપીપળા રોડ પર સારંગપુર મીરા નગર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ઈકો કારમાં દારૂનો જથ્થો આવી રહ્યો હોવાની ચોક્કસ માહિતી મળી હતી જે માહિતી આધારે લક્ષ્મણ નગર મંગલદીપ સોસાયટી પાસે પોલીસ એ વોચ ગોઠવી હતી ત્યારે બાતમીના આધારે ની ઈકો કર આવતા પોલીસે કોર્ડન કરી તેને અટકાવી હતી અને કાર ની તલસી લેતા 3 મીણીયા કોઠારા માં 20-20 લીટર ના દેશી દારૂ ના પાઉચ મળી કુલ 180 લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. જે જોતા જ પોલીસે ઈકો કાર ચાલક અલ્પેશ કાંતિ વસાવા રહે નવી નગરી ઉટીયા ઝગડીયા ની ધરપકડ કરી દેશી દારૂ ક્યાં થી લાવ્યો અને અંકલેશ્વર માં કોને આપવા જઈ રહ્યો હતો તે અંગે પૂછપરછ આરંભી હતી

**DATE: 21/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### લૂંટ અને ચોરીના ગુનામાં નાસતો ફરતો હતો

# અંકલેશ્વરમાં 3 વર્ષથી વોન્ટેડ આરોપી દાહોદથી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વર શહેર પોલીસ મથકે છેલ્લા 3 વર્ષ થી લૂંટ અને ચોરી નો વોન્ટેડ આરોપી દાહોદ થી ઝડપાઈ જવા પામ્યો હતો. પેરોલ ફર્લો સ્કોર્ડ ની ટીમ દાહોદ ખાતે થી ચોક્કસ માહિતી આધારે ઝડપી પાડ્યો હતો. અંકલેશ્વર પોલીસ મથકે ચોરી અને લૂંટ ના બે ગુના માં વોન્ટેડ હતો. પેરોલ ફર્લો સ્કોર્ડ એ દાહોદ થી ઝડપી પાડી અંકલેશ્વર શહેર પોલીસ ના હવાલે કર્યો હતો. અંકલેશ્વર શહેર પોલીસ મથક વિસ્તારમાં 2019 માં ચોરી અને લૂંટના ગુનામાં ભારુ માથુર પલાસ છેલ્લા 3 વર્ષ થી શહેર પોલીસને હાથતાળી આપી ફરાર થઈ ગયો હતો. જે શહેર પોલીસ ચોપડે વોન્ટેડ હતો. દરમિયાન ભરુચ પેરોલ ફર્લો સ્કોર્ડ ની ટીમ નાસતા ફરતા આરોપી ને ઝડપી પાડવા ના ભાગ રૂપે દાહોદ ખાતે પહોંચી હતી જ્યાં ચોક્કસ માહિતી મળી હતી કે અંકલેશ્વર શહેર પોલીસ ના લૂંટ અને ચોરી ના ગુના માં વોન્ટેડ આરોપી દાહોદ ના આમલી -ખજુરીયા ગામ ગરબાડા ખાતે હોવાની માહિતી મળી હતી જે આધારે પોલીસે સર્ચ કરતા ભારુ ભાઈ મથુરભાઈ પલાસ પોલીસ હાથે ઝડપી જવા પામ્યો હતો પેરોલ ફર્લો સ્કોર્ડ એ તેની અટક કરી અંકલેશ્વર ખાતે લઈ આવી હતી. અને શહેર પોલીસ ના હવાલે કરતા પોલીસે કોવિડ ટેસ્ટ કરાવી તેની વિધિવત ધરપકડ કરવાની તજવીજ શરુ કરી હતી.

**DATE: 21/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### સિલ્વર સિટીમાં રહેતી 9 વર્ષીય રૂખશાર 25મી જાન્યુઆરીના રોજથી લાપતા બની છે

# અંકલેશ્વરની રૂખશાર અન્સારીના પરિવારની CBIની ટીમે મુલાકાત લઇ માહિતી એકત્ર કરી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના સારંગપુર ગામના મીરાનગર સ્થિત સિલ્વર સિટીમાં 9 વર્ષીય રૂખશારનું ગત 25 મી જાન્યુઆરી 2022 ના રોજ અપહરણ થયું હોવાની પોલીસ ફરિયાદ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવી હતી.ભરૂચ એસપી ડો. લીના પાટીલ ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક તરીકે ચાર્જ સાંભળ્યા બાદ આ મામલે પોતાની દેખરેખ હેઠળ તપાસ આગળ ધપાવી હતી. અને 14 એપ્રિલ 2022 ના રોજ સ્થળ મુલાકાત લીધી હતી. અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ બાળકીની ભાળ મેળવવા ઘણી મહેનત કરી હતી. મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, ઉત્તર પ્રદેશ અને કેન્દ્ર શાસિત પ્રદેશ એવા દમણ, દાદરાનગર હવેલી ના કેટલાક વિસ્તારમાં પોલીસે વેશ બદલીને પણ તપાસ કરી હતી.



એક શંકા એ પણ વ્યક્ત કરાઈ હતી કે આ મામલામાં બાળકો નો ઉપયોગ હ્યુમન ટ્રાફિકિંગ જેવા મામલાઓ માટે પણ થઈ શકે છે. ચાર્જ લીધા બાદ ભરૂચ એસપી એ જાતે બાળકોના ઘરે જઈ પરિવાર અને પાડોશીઓ સાથે વાતચીત કરી કડી મેળવવા પ્રયાસ કર્યો હતો. દરમિયાન પરિવાર એ હાઈકોર્ટ માં હેબીયસ કોપર્સ ની પિટિશન કરવામાં આવી હતી ગત 5 મે ના રોજ હાઈકોર્ટના આદેશ બાદ CBI એ તપાસ શરૂ કરી છે. મામલે CBI તરફથી હજુ કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી જોકે અંકલેશ્વરમાં પોલીસ ઈન્સ્પેક્ટર રેન્ક ના અધિકારીઓની રાહબરી હેઠળ એક ટીમે તપાસ શરૂ કરી છે.

**DATE: 21/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### પાલેજ ટંકારિયા વચ્ચે સિમલિયા ત્રણ રસ્તા પાસે વોચ ગઠવી હતી

# એસઓજીએ ગાંજાના જથ્થા સાથે આમોદના શખ્સને ઝડપી પાડ્યો

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

પાલેજ તરફથી ગાંજાનો જથ્થો લઇ આમોદ જતાં એક શખ્સને એસઓજીની ટીમે પાલેજ-ટંકારિયા રોડ પર સિમલિયા ત્રણ રસ્તા પાસે ઝડપી પાડ્યો હતો. ટીમે તેની પાસેથી કુલ 32 હજારથી વધુની મત્તાનો 3.214 કિલો ગાંજો તેમજ મોપેડ સ્કૂટર જપ્ત કરી તેની સામે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ એસઓજીની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, આમોદના વાવડી ફળિયામાં રહેતો સદામ એહમદ દિવાન પાલેજ તરફથી ગાંજાનો જથ્થો લઇને તેના ઘર તરફ જવાનો છે. જેના પગલે એસઓજીની ટીમે પાલેજ-ટંકારિયા રોડ પર સિમલિયા ચાર રસ્તા પાસે વોચ ગોઠવી હતી. દરમિયાનમાં બાતમી મુજબની મોપેડ સ્કૂટર ત્યાં આવતાં તેમણે તેને રોકી શખ્સની પુછપરછ કરતાં તેનું નામ સદામ અહેમદ દિવાન (રહે. વાવડી ફળિયું આમોદ) હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે તેની પાસેનો સામાન તપાસતાં તેના મોપેડ પર પગ મુકવના સ્થળે એક મિણીયા થેલામાં પ્લાસ્ટિકની સેલોટેપથી પેક કરેલો કુલ 32 હજારની મત્તાનો 3.214 કિલો ગાંજાનો જથ્થો જપ્ત કર્યો હતો. ટીમે તેની પાસેથી ગાંજો અને મોપેડ મળી કુલ 72 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

**DATE: 22/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### અષાઢી બીજના દિવસે શહેરમાં બે સ્થળોએ રથયાત્રા નીકળશે

# ભરૂચના સંવેદનશીલ વિસ્તારોમાં રથયાત્રા પૂર્વે પોલીસની ફ્લેગ માર્ચ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ



ભરૂચ શહેરના એ ડિવિઝન અને બી ડિવિઝન પોલીસ સ્ટેશન સહિતના વિસ્તારમાં ભરૂચ પોલીસ દ્વારા જગન્નાથ રથ યાત્રાના રૂટ પર ફ્લેગ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 100થી વધુ પોલીસકર્મીઓ હાજર રહ્યાં હતાં.

આગામી 1 જુલાઈના રોજ અષાઢી બીજના રોજ શહેરના ફૂરજા વિસ્તારમાંથી દર વર્ષની જેમ ભગવાન જગન્નાથની રથયાત્રા નિકળશે. ભગવાન જગન્નાથની રથયાત્રા કોમી એખલાસ વચ્ચે શાંતિપુર્ણ માહોલમાં યોજાય અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે ભરૂચ એસપી ડો. લીના પાટીલની આગેવાનીમા ફ્લેગમાર્ચ યોજાઇ હતી. જેમાં મદદનિશ પોલીસ અધિક્ષક વિકાસ સુંડા, એલસીબી તેમજ એસઓજી પીઆઈ તથા ભરૂચ એ ડિવિઝન અને બી ડિવિઝનના પીઆઈ સહિત 100થી વધુ પોલીસ અધિકારી અને કર્મીઓએ રથયાત્રાના સમગ્ર રૂટ પર ફ્લેગમાર્ચ કરી રથયાત્રાના દિવસે સુલેહશાંતીભર્યું વાતાવરણ રહે તે માટેની કવાયત હાથ ધરી હતી. ઉપરાંત રથયાત્રાન દિવસે પણ સમગ્ર રૂટ પર પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવા સાથે વાતાવરણને ડહોળવાનો પ્રયાસ કરનારા શખ્સો સામે કડક કાર્યવાહી કરાશે તેમ પોલીસે જણાવાયું હતું.

**DATE: 22/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ગુના સંદર્ભે પાંચ આરોપીઓની તાલુકા પોલીસે અટકાયત કરી

# સજોદ ગામે ઉકાઈ નહેર પાસે 5 મોટરની ચોરીનો ભેદ ઉકેલાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વર ના સજોદ ગામે ઉકાઈ નહેર પાસે મૂકેલી 5 મોટર ની ચોરી નો ભેદ ઉકેલાયો હતો. અંકલેશ્વર તેમજ હાંસોટમાં 5 ઇસમો ની પોલીસે ધરપકડ કરી હતી. પોલીસે ચોરી ની મોટર પણ રિકવર કરી હતી. ખેડૂતો દ્વારા પિયત પાણી માટે નહેર આગળ મોટર મૂકી હતી તેને તસ્કરો ચોરી કરી લઈ ગયા હતા.

બનાવની વિગતો અનુસાર 10 દિવસ પૂર્વે સજોદ ગામ ખાતે રહેતા ચંદ્રસિંહ ચૌહાણ નું ખેતર વેડ વાગે માં આવેલું છે જ્યાં ઉકાઈ જમણા કાંઠા ની નહેર ઉપર મોનોબ્લોક મોટર તેવો એ પિયત માટે મૂકી હતી. તેમની નજીક શૈલેન્દ્રસિંહ ચૌહાણ, કમલેશ પટેલ, પરેશ જોશી, નૈનેશ પટેલ અને પંકજભાઈ પટેલ મળી કુલ 7 જેટલી મોટર ત્યાં ખેડૂતો એ મૂકી પિયતનું પાણી લઈ રહ્યા હતા દરમિયાન રાત્રીના 12 વાગ્યે તેવો લાઈટ બંધ થતા તેઓ મોટર જોવા ગયા હતા જ્યાં મોટર ચોરી થઈ હોવાનું માલુમ પડ્યું હતું. તેઓ આજુબાજુ જોતા 7 પૈકી 5 મોટર ની ચોરી થઈ જવા પામી હતી. જે અંગે તમામ ખેડૂત ને જાણ થતા તેવો પણ સ્થળ પર દોડી આવ્યા હતા અને આ અંગે સ્થળ તપાસ કરાવી અંતે તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે કુલ 65 હજાર રૂપિયાની કિંમત ની 5 મોટર ચોરી નો ગુનો નોંધી વધુ તપાસ આરંભી હતી. દરમિયાન પોલીસે હ્યુમન ઇન્ટેલિજન્સ ની મદદ થી ચોરી નું પગેરું શોધી કાઢી ચોરી માં સંડોવાયેલ નવા દિવા ગામ ના કમલેશ છના વસાવા, રાજુ ઠાકોર વસાવા, રાહુલ મંગાના વસાવા, અને હાંસોટ ના મોઠીયા ગામ ના કિશનભાઈ પટેલ તેમજ અંકલેશ્વર કાપોદ્રા ગામ ના ગ્રીન સીટી ખાતે રહેતા ઇમરાન ઇકબાલ ચૌધરી ની ધરપકડ કરી હતી અને તેમની પાસે થી ચોરી ની મોટર પણ રિકવર કરી હતી.

**DATE: 23/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### મહિલાને તેનો જેઠ જ પરેશાન કરતો હતો

# 181ની ટીમે સાસરિયાંને સમજાવી વિધવાને પુત્ર પાછો અપાવ્યો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ઝઘડીયામાં રહેતી કુસુમ (નામ બદલ્યું છે)ના 10 વર્ષ પહેલાં લગ્ન થયા હતાં. આ લગ્ન સમયગાળામાં તેને ખોળે એક પુત્રનો જન્મ થયો હતો. કુસુમ તેના પતિ સાથે સાસરીમાં જ રહેતી હતી.પરંતુ બે વર્ષ પહેલાં કુસુમના પતિ બીમારીના કારણે મૃત્યુ પામ્યા હતા.કુસુમના પતિના મૃત્યું બાદ તેની સાસરિયામાં સાસુ, જેઠ અને તેમના ભત્રીજા સાથે રહે છે. કુસુમ પોતાનું ગુજરાન ચલાવવા માટે ખાનગી કંપનીમાં નોકરી કરતા હતા.પરંતુ પત્ની વગર એકવાયું જીવન ગુજારતા તેમના જેઠ દ્વારા કુસુમની એકલતાનો લાભ લઈને અવાર નવાર શારીરીક છેડછાડ કરતા હતા.આ અંગેની જાણ કુસુમબેને તેની સાસુને કરતા સાસુએ પણ તેમના પુત્રની તરફેણ કરીને તેની સાથે ઝઘડો કરીને તેનો જ વાંક કાઢીને કોઈ પણ વ્યક્તિને આ વાત નહિ કહેવા દબાણ કર્યું હતું.જોકે વધુમાં તેના જેઠે તે નોકરી કરવા જતી હોય તારું અન્ય પુરુષ સાથે અફેર ચાલતો હોવાના આક્ષેપો કરીને કુસુમને ઘરમાંથી કાઢી મૂકીને ચાર વર્ષના તેના પુત્રને રાખી લીધો હતો.ત્યાર બાદ કુસુમે તેના પિયરમાં જઈને 181 અભયમ મહિલા હેલ્પલાઈનમાં કોલ કરીને તેની સાસરીમાંથી પુત્રને અપાવી દેવાની મદદ માંગી હતી. કોલ મળતા જ અભયમ ટીમના કાઉન્સિલર રેસ્ક્યુ વાન સાથે સ્થળ પર પહોંચી કુસુમના સાસરિયાને આ રીતે વિધવાને હેરાન-પરેશાન કરવા એ ગુનો બને છે અને જેઠને નાના ભાઈની પત્નીને મદદ કરવાને બદલે બદ ઈરાદો રાખવોએ શોભાપ્રદ નહિ હોવાનું સમજાવી તેમની પાસેથી બાળકને લઈને કુસુમબેનને સોંપતા માતાની ખુશીનો કોઈ પાર ન રહ્યો હતો.

**DATE: 23/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ઈટોલા-કોલવણા રોડ પરથી ટેમ્પો ઝડપાયો

# લોખંડના જેક પાઈપના જથ્થા સાથે બે ટેમ્પો ચાલક ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

આમોદ તાલુકાના ઈટોલા-કોલવણા રોડ પર એક ટેમ્પોમાં લોખંડના જેક પાઈપનો મોટો જથ્થો ભરી તેને વેચવાની ફિરાકમાં બે શખ્સો આંટાફેરા મારી રહ્યાં છે. તેવી ચોક્કસ બાતમીના આધારે પોલીસે બન્નેને ઝડપી પાડયાં હતાં. ટીમે તેમની પાસેથી કુલ 50 હજાર ઉપરાંતનો લોખંડના જેક પાઈપ તેમજ ટેકા મુકવાના પાઈપનો શંકાસ્પદ જથ્થો જપ્ત કરી આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આમોદ પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે વેળાં તેમને ચોક્કસ બાતમી મળી હતી કે, એક ટેમ્પોમાં લોખંડની જથ્થાબંધ પાઈપનો જથ્થો લઈને બે શખ્સો ઈટોલા- કોલવણા રોડ પર તે વેચવાની ફિરાકમાં આંટાફેરા મારી રહ્યાં છે. જેના પગલે ટીમે તુરંત ઈટોલા-કોલવણા રોડ પર પહોંચી ગઈ હતી. દરમિયાનમાં બાતમી મુજબનો ટેમ્પો મળતાં તેમણે તુરંત તેને અટકાવી ડ્રાઈવર તેમજ તેની સાથેના શખ્સની પુછપરછ કરતાં તેમનું નામ ઈરફાન અબ્દુલ રહીમ જાદવ તેમજ ફરીદ મહમદ મુબારક જાદવ (બન્ને રહે. ઈટોલા, જાદવ ફળીયું) હોવાનું માલુમ પડ્યું હતું. પોલીસે તેમની પાસેથી મળી આવેલાં લોખંડના જેક પાઈપ તેમજ ટેકા મુકવાના પાઈપનું વજન કરાવતાં તેનું વજન 1450 કિલો હોવાનું અને તેની કિંમત 50 હજાર ઉપરાંતની હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે તેઓ પાસેના જથ્થા અંગેની પુછપરછ કરતાં તેઓએ ગલ્લાતલ્લા કરતાં તેઓ ચોરીના સામાનની હેરાફેરી કરતાં હોવાની શંકાએ બન્ને વિરૂદ્ધ કલમ 41(1) ડી હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 23/06/2022 CATEGORY: RED**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### એલસીબીની ટીમે દરોડો પાડી કુલ 875 કિલો ગૌમાંસ જપ્ત કર્યું

# ભરૂચના ભઠિયારવાડ-કસાઈવાડમાં ગૌમાંસ વેચતા છ ઝડપાયા, 1 ફરાર

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના ભઠિયારવાડ - કસાઈવાડમાં એલસીબીની ટીમે દરોડાં પાડી અલગ અલગ 6 કસાઈઓને ત્યાંથી કુલ 875 કિલો ગૌમાંસ જપ્ત કર્યું હતું. જોકે, એક કસાઈને વોન્ટેડ જાહેર કરાયો હતો. બનાવને પગલે એલસીબીએ ભરૂચ બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ એલસીબીની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, શહેરના ભઠિયારવાડ અને કસાઈવાડમાં કેટલાંક ખાટકીઓ ગૌહત્યા કરી તેના માંસનું વેચાણ કરે છે. જેના પગલે એલસીબીએ બી ડિવિઝન પોલીસ સાથે અલગ અલગ ટીમો બનાવ ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં ટીમોએ ભઠિયારવાડના રજા



મસ્જીદ પાસેથી ગુલામ મુર્તુઝા મહંમદ કુરેશી, ગુલામ કાદર ઉર્ફે અલ્લારખા નુરમહંમદ કુરેશી, અખ્તર ઉર્ફે કાલુ ગુલામ કાદર ઉર્ફે અલ્લારખ્ખા કુરેશી, ઉવેશ ઉસ્માન ગની મહંમદ કુરેશી, અનવરહુસેન ઈબ્રાહિમ કુરેશી તેમજ ઈમરાન રહેમાન કુરેશી નામના વેપારીઓને ઝડપી પાડ્યાં હતાં. જ્યારે સિદ્દીક નુરમહંમદ કુરેશી ત્યાંથી નાસી છુટ્યો હતો. ટીમે તેમની પાસેથી કુલ 875 કિલો ગૌમાંસનો શંકાસ્પદ જથ્થો જપ્ત કર્યો હતો. જેના સેમ્પલ એફએસએલમાં મોકલતાં તેના રિપોર્ટમાં તેમની પાસેથી મળેલું ગૌમાંસ જ હોવાનું ફલિત થતાં ટીમે તેમની દુકાનોને સીલ મારી તમામ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 24/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ચોરીના 8 ગુનામાં આરોપીની સંડોવણી ખુલી

# અંકલેશ્વરમાં કોપર ચોરીનો વોન્ટેડ આરોપી ઝડપાયો

### પેરોલ ફર્લો સ્કવોડની ટીમ દ્વારા કામગીરી કરાઈ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વરમાં કોપર ચોરીના 8 ગુનામાં વોન્ટેડ આરોપીને બારડોલીથી પેરોલ ફર્લો સ્કવોડે ઝડપી પાડ્યો છે. આરોપી ખેતી વિષયક વીજ લાઈન પર થી ટ્રાન્સફોર્મર તોડી પાડી અંદરથી કોપર ચોરી કરતો હતો.

અંકલેશ્વર માં ગ્રામ્ય વિસ્તારમાં વીજ ટ્રાન્સફોર્મર તોડી પાડી તેમાંથી કોપરની ચોરી કરતી ગેંગ સક્રિય બની હતી. ટ્રાન્સફોર્મર તોડી પાડવામાં આવતાં ખેડુતોને વીજળી મળવામાં વિલંબ થતો હતો અને વીજકંપનીને આર્થિક નુકશાન થતું હતું. અંકલેશ્વર શહેર પોલીસ મથકે નોંધાયેલી અલગ અલગ સાત જેટલી કોપર ચોરી ની ફરિયાદ માં સંડોવાયેલ કોપર ચોરને ઝડપી પાડવામાં પોલીસને સફળતા હાથ લાગી છે.

અંકલેશ્વર શહેર પોલીસ મથકે કોપર ચોરીમાં મૂળ રાજસ્થાનના અને હાલ સુરતના બારડોલી ખાતે મનપસંદ પાર્ક ખાતે રહેતા મદન તુલસીરામ પુરોહિત વોન્ટેડ હતો. જે બારડોલી ખાતે તેના ઘરે જ હોવાની ચોક્કસ માહિતી પેરોલ ફર્લો સ્કોર્ડ ને મળી હતી. જે આધારે પી.એસ.આઈ ડી.આર. વસાવાની ટીમે છાપો મારી આરોપીને ઝડપી પાડ્યો હતો. તેની પ્રાથમિક પુછપરછમાં શહેર પોલીસ મથકે થયેલ કોપર ચોરી ના 8 જેટલા ગુના માં વોન્ટેડ છે. પોલીસ તેની પુછપરછ કરી રહી છે.

**DATE: 24/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### પાંચ જેટલી મોટરોની ચોરી થવાનું પ્રકરણ

# સજોદમાં મોટર ચોરીમાં વધુ એક આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના સજોદ ગામમાં ઉકાઈ નહેર પાસેથી મોટર ચોરીના ગુના માં વધુ એક આરોપીને પોલીસે ઝડપી પાડ્યો હતો. આ કેસમાં અત્યાર સુધીમાં કુલ છ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

અંકલેશ્વર તાલુકાના સજોદ ગામે 15 દિવસ પૂર્વે નહેર પર પિયત માટે મુકવામાં આવેલી 7 પૈકી 5 મોટરની ચોરી થઈ જવા પામી હતી. બનાવ સંદર્ભે તાલુકા પોલીસ મથકે 65 હજાર રૂપિયાની કિંમત ની 5 મોટર ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ આરંભી હતી. દરમિયાન પોલીસે હ્યુમન ઈન્ટેલિજન્સ ની મદદ થી ચોરીનું પગેરું શોધી કાઢી ચોરી માં સંડોવાયેલ નવા દિવા ગામના કમલેશ છના વસાવા, રાજુ ઠાકોર વસાવા, રાહુલ મંગાના વસાવા, અને હાંસોટ ના મોઠીયા ગામના કિશન પટેલ તેમજ અંકલેશ્વર કાપોદ્રાની ગ્રીન સીટી ખાતે રહેતા ઈમરાન ઈકબાલ ચૌધરીની ધરપકડ કરી હતી. ઝડપાયેલાં આરોપીઓ ની રિમાન્ડ દરમિયાન પૂછપરછ માં વધુ એક નામ બહાર આવતા પોલીસે નવા સક્કરપોર ભાઠા ગામ ના તર્પણ કુમાર ઊર્ફે તેજુ પટેલની ધરપકડ કરવામાં આવી છે.

**DATE: 24/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### વાગરાના ગલેન્ડા ગામે રહેતાં શખ્સની ધરપકડ

# ટ્રેનમાં વિદેશી દારૂની ખેપ મારતો પરપ્રાંતિય ઝડપાયો

## ભરૂચ રેલવે સ્ટેશનના ગેટ પર ચેકિંગ વેળાં ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 1 પર આવેલાં ગેટ પાસે પોલીસ મુસાફરોનું ચેકિંગ કરી રહી હતી. દરમિયાનમાં એક શખ્સના સામાનની ઝડતી લેતાં તેમાંથી વેસ્ટ બંગાળની બનાવટની વિદેશીદારૂની બોટલો મળી આવતાં પોલીસે તેની ધરપકડ કરી તેના વિરૂદ્ધમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ રેલવે પોલીસ સ્ટેશનમાં લોકરક્ષક તરીકે ફરજ બજાવતાં કૃષ્ણભાઇ પ્લેટફોર્મ નંબર 1 પર વચ્ચેના ગેટ પર બહાર આવતાં મુસાફરોનું ચેકિંગ કરી રહ્યાં હતાં. તે વેળાં એક શખ્સ હાલમાં લાલ-પીળા રંગની કાપડની થેલી લઇને ઉતાવળે શંકાસ્પદ રીતે જઇ રહ્યો હોઇ તેમણે તેને રોકી તેના સામાનની તલાશી લેતાં તેમાંથી વેસ્ટ બંગાળ બનાવટની વિદેશીદારૂની બે બોટલો મળી આવી હતી. પ્રાથમિક પુછપરછમાં તેનું નામ શિવપ્રસાદ પ્રશાંત ઘોષ હોવાનું તેમજ તે હાલમાં વાગરાના ગલેન્ડા ગામે રહેતો હોવાનું અને મુળ કલકત્તા હુંગલીનો વતની હોવાનું કબુલ્યું હતું. પોલીસે તેની પાસેથી દારૂની બોટલો જપ્ત કરી તેની વિરૂદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પોલીસ તંત્ર દ્વારા શહેરના મુખ્ય માર્ગો પરથી આવતા દારૂ પર બાજ નજર રાખી છે. ત્યારે હવે બુટલેગરો ટ્રેન મારફતે દારૂની હેરાફેરી કરી રહ્યા છે.

**DATE: 26/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ભરૂચ સ્ટેશન રોડ પરની ગણેશ ખમણ દુકાનમાં ચોરી કરી હતી

# મોજશોખ માટે ચાર દુકાનમાં ચોરી કરનાર તસ્કર ઝડપાયો

**દિવ્ય ભાસ્કર**
**રૂબરૂ**
**વાત આપની અને આપના વોર્ડની**

**રૂબરૂમાં આજે**

વોર્ડ નંબર 1 અને 2
કાર્યક્રમ સ્થળ : ગેલાની કુવા પાસે, ઈદગાહ રોડ, ભરૂચ
સમય : સવારે 10 થી 12
તૈયાર થઈ જાવ 'રૂબરૂ'ના મંચ પર આપની વાત અને વોર્ડની સમસ્યાને વાચા આપવા માટે.

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના ભૃગુમંજીલ શોપિંગ સેન્ટરની ગણેશ ખમણ નામની દુકાનમાં ચોરી કરનાર તસ્કરને પોલીસે ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડ્યો હતો.

ભરૂચ શહેરના સ્ટેશન રોડ પર 23 જૂને રાતે એસ.ટી. ડેપો સામે આવેલી ગણેશ ખમણ નામની દુકાનનું શટર તોડી રોકડા રૂપીયા ચોરી ચોર પલાયન થઈ ગયો હતો. બનાવની તપાસ એ ડિવિઝન પી.આઈ. એ.કે.ભરવાડ દ્વારા શરૂ કરવામાં આવી હતી. ચોરીનો આ ગુનો શોધી કાઢવા વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ભરૂચ શહેરમાં લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરાના નેટવર્ક દ્વારા વિસ્તારના ફૂટેજની તપાસ કરાઈ હતી. તસ્કરનો ચહેરો દુકાન અને વિશ્વાસ પ્રોજેક્ટના કેમેરામાં કેદ થયો હતો. આખરે ગુનામાં સંડોવાયેલ આરોપી રવિ ભાઈલાલ પટેલને ચોરીના તમામ મુદ્દામાલ સાથે પકડી પાડી ગુનાનો ભેદ ઉકેલવામાં આવ્યો છે. મકતમપુર ચીમન ટેકરી ઝુપડપટ્ટી ખાતે રહેતો રવિ ચોરીના પૈસાથી મોજ કરે તે પહેલા જ ઝડપી પડાયો હતો. આ યુવાનને મજૂરીકામ ગમતું ન હતું માટે તેને પૈસા કમાવા આ કીમિયો અજમાવ્યો હતો.

**DATE: 26/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# ગુલાબફળિયા ગામેથી વિદેશી દારૂ ઝડપાયો

ઝઘડિયા | ભરૂચ જીલ્લાના ઝઘડિયા તાલુકાના ગુલાફળિયા ગામેથી ભરુચ જીલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ભારતીય બનાવટનો વિદેશી દારુ ઝડપી લીધો હતો. ઉચ્ચ અધિકારીઓ તરફથી જીલ્લામાં દારૂ જુગારની પ્રવૃતિ અટકાવવા મળેલ સુચના અંતર્ગત એલસીબી પીઆઇ કે.ડી.મંડોરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ જે.એન.ભરવાડ એલસીબી ટીમ સાથે ઝઘડિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતીકે ગુલાફળિયા ગામે એક ઘરમાં ગેરકાયદેસર દારુનો જથ્થો સંતાડેલ છે. પોલીસે બાતમી મુજબના સ્થળે છાપો મારતા બુટલેગરના ઘરેથી વેચાણ કરવા લાવીને સંતાડી રાખેલ ભારતીય બનાવટના વિદેશી દારુનો રુ.૨૫૭૦૦ ની કિંમતનો જથ્થો મળી આવ્યો હતો.